## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-૪** **પર્યાવરણ** **ઓગષ્ટ, ૨૦૨૦**

**સમય : ૧ કલાક** **કુલ ગુણ- ૨૫**

**(અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)**

અ.નિ. પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતા ઓળખે છે. (જેમ કે ચાંચ, દાંત , પંજો , કાન , વાળ , માળો/રહેઠાણ વગેરે)

**પ્રશ્ન-૧ નીચે આપેલ પ્રાણીઓનું, કોષ્ટકમાં બંધ બેસતી વિગત પ્રમાણે વર્ગીકરણ કરો.** **(૫)**

પોપટ, સિંહ, ઉંદર, દેડકો, ઘોડો, ગાય, ઘુવડ, હંસ, ઘેટું, ગરોળી

| કાન દેખાતા હોય<br>તેવાં પ્રાણી/પક્ષી | કાન દેખાતા ન હોય<br>તેવાં પ્રાણી/પક્ષી |
|---|---|
| | |

અ.નિ. પોતાનાં અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થ ળો ( જેમ કે મેળાઓ, તહેવારો , ઐતિહાસિક સ્થળો )ને નોંધે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાની આગાહી કરે છે.

**પ્રશ્ન-૨ માંગ્યા મુજબ જવાબ લખો.**

(૧) રેલવે સ્ટેશન વિશે ત્રણ થી ચાર વાક્યો લખો. **(3)**

(૨) ઉડન ખટોલાની મુસાફરી કરવા માટે તમારે કયા સ્થળની મુલાકાત લેવી પડશે? **(૧)**

(૩) હોડીમાં મુસાફરી કરવા માટે તમારે કેવા સ્થળે જવું પડશે? **(૧)**

અ.નિ. રોજિંદા જીવનમાં ખેતી, બાંધકામ, કલા અને હસ્તઉદ્યોગ વગેરેનું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓ)ની ભૂમિકાનું મહત્વ વર્ણવે છે.

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) મધમાખી ઉછેર દરમિયાન કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે? **(૨)**

(૨) રક્ષિત ગામમાં કઈ-કઈ સારી બાબતોનો સમાવેશ થાય છે? **(૨)**

(૩) તમે તમારા માતા કે પિતા પાસેથી કયું કામ કરતાં શીખ્યા છો? **(૧)**

અ.નિ. મોટા કે નાના સમૂહમાં રહે તાં પ્રાણીઓ (જેમ કે કીડી, માખી, હાથી વગેરે) અને માળા બાંધતાં પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુંટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે.

**પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(૧) જૂથમાં રહેતાં ચાર પ્રાણીઓના નામ લખો. **(૨)**

(૨) રાણી મધમાખીનું કાર્ય જણાવો. **(૧)**

(૩) હાથીનું બચ્ચું કેટલા વર્ષ પછી ટોળું છોડી દે છે? **(૧)**

(૪) સિપાહી કીડીનું કાર્ય જણાવો. **(૧)**

અ.નિ. ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન કરે છે, પ્રમાણિત અને બિનપ્રમાણિત એકમો (જેમ કે કિલોગ્રામ, ગજ, પગલાં,ડગલાં, મીટર વગેરે) દ્વારા અવકાશી જથ્થા(અંતર,વજન,સમય)નો અંદાજ કાઢે છે તથા સાદા અને હાથવગા ઉપાય દ્વારા કાર્યકારણ સંબંધ ચકાસણી કરે છે.

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નના જવાબ લખો**

(૧) તમારા ઘરમાં કુલ કેટલા સભ્યો રહે છે? તમારા ઘરમાં એક દિવસમાં અંદાજિત કેટલા લીટર દૂધ વપરાય છે? **(૨)**

(૨) તમારી શાળા તમારા ઘરથી કેટલી દૂર આવેલી છે? તમે શાળાએ કઈ રીતે જાઓ છો? **(૨)**

(૩) તમને ઘરેથી શાળાએ જતાં અંદાજિત કેટલો સમય લાગે છે? **(૧)**